Vol. 10, Issue: 5, May: 2022
(IJRSML) ISSN: 2321 - 2853

# શ્રીમદ્ભગવદ્ગીતાની ઉત્પત્તિ અને માનવ જીવનમાં તેની જરૂરીયાત

પ્રીતિબેન એસ. ગામિત

**૧.પ્રસ્તાવના**

કોઈપણ સંશોધનકાર્ય અંતે સંશોધક દ્વારા નિષ્કર્ષ રજૂ કરવામાં આવે છે જેથી બીજા માટે તે માર્ગદર્શનરૂપ બની શકે આ નિષ્કર્ષ સંશોધનકર્તાએ કરેલ વ્યક્તિગત સંશોધન પર આધારિત હોય છે પણ તે શૈક્ષણિક પ્રશ્નો તથા સમસ્યાઓને હલ કરવામાં મદદરૂપ થાય છે. પ્રસ્તુત પ્રકરણમાં સમગ્ર સંશોધનનો સારાંશ આપવામાં આવેલ છે. જેથી કોઈપણ વ્યક્તિ તેનો અભ્યાસ કરીને પણ સમગ્ર સંશોધનનો ખ્યાલ મેળવી શકે. ઉપરાંત સંશોધનના તારણો અને તેના આધારે સૂચનો કરવામાં આવેલ છે.

**૨.સમસ્યા શીર્ષક અને સમસ્ય કથન**

શ્રીમદ્ભગવદ્ગીતાની ઉત્પત્તિ અને માનવ જીવનમાં તેની જરૂરીયાત

**૩. સમસ્યા કથન**

શ્રીમદ ભગવદ્ ગીતામાં ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક છે. પ્રત્યેક શ્લોક એ જીવનમાં આવનાર સમસ્યાના સમાધાન માટેની ટેબલેટ છે. આજથી લગભગ સાડા પાંચ હજાર વર્ષ પહેલા યોગેશ્વર કૃષ્ણએ વહાવેલ અક્ષુણ્ણ અમૃતધારા એટલે શ્રીમદ ભગવદ ગીતા. આ અમૃતપાન કરવાના હેતુથી સંશોધકે અભ્યાસ હાથ ધરેલ છે જે આ મુજબ છે.

**૪. અભ્યાસના હેતુઓ**

સંશોધકે નીચે મુજબના સંશોધનના હેતુઓ નક્કી કરેલ છે.

૧.શ્રીમદ ભગવદ્ ગીતાના યોગ અભ્યાસ કરવો.

૨.શ્રીમદ ભગવદ્ ગીતાનો ઉત્પત્તિ કાળ, સ્થળ અને કારણોનો અભ્યાસ કરવો.

૩.ભગવદ્ ગીતાના યોગમાંથી પોષણ મેળવી શૈક્ષણિક ફલિતાર્થ તારવવો.

**૫. વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે શ્રીમદ્ ભગવદ્ ગીતાના અઢાર અધ્યાયના સાતસો શ્લોક એ વ્યાપવિશ્વ બને છે. જેમાંથી નમૂના તરીકે શ્લોકોને પસંદ કરેલ હતા.

**૬. માહિતીનું એકત્રીકરણ**

સંશોધકે માહિતીનું એકત્રીકરણ કરવા માટે માહિતી પત્રકની રચના કરી હતી. સંશોધકે માહિતી પત્રકની રચના કરતાં પહેલાં શિક્ષણ સંબંધી પુસ્તકો ભગવદ્ ગીતાના યોગ સંબંધિત પુસ્તકોનો અભ્યાસ કર્યો છે. જેના આધારે માહિતી પત્રક તૈયાર કર્યુ હતું. આ માહિતી પત્રકમાં શ્લોકોનું વિષય-વસ્તુ દર્શાવી તેમાંથી ભગવદ્ ગીતાના યોગ પ્રકાર દર્શાવવામાં આવ્યા અને ભગવદ્ ગીતાના યોગ પ્રકાર પ્રમાણે નિષ્પન્ન થતા ભગવદ્ ગીતાના યોગ દર્શાવવામાં આવ્યા હતા. જેના દ્વારા અભ્યાસ અંગે જરૂરી માહિતી મળી રહે. આ માહિતી પત્રકમાં યોગ્ય ફેરફારો માટે અને તેની યોગ્યતા માટેનાં સૂચનો માટે સંશોધન ક્ષેત્રનાં અનુભવી આચાર્યશ્રી, શિક્ષકો અને એજ્યુકેશન કોલેજના અનુભવી વિદ્વાન અધ્યાપકશ્રીઓની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

## ૭.સંશોધનની પદ્ધતિ

આ એક ગુણાત્મક પ્રકારનું સંશોધન છે. સંશોધનની અને પદ્ધતિઓમાંથી સંશોધકે વિષય-વસ્તુ વિશ્લેષણ પદ્ધતિ અભ્યાસ પ્રવૃત્તિઓનો ઉપયોગ કર્યો હતો. જ્યારે વસ્તુ-વિશ્લેષણ પદ્ધતિ દ્વારા નમૂનામાં પસંદ કરેલ ભગવદ્ ગીતાના યોગ શ્લોકોને વિષય-વસ્તુને આધારે મૂલ્યોના પ્રકાર અને તારવેલા સૂચનો સંપન્ન કરવામાં આવ્યા હતા.

## ૮. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

શ્લોકોનો મૂલ્યલક્ષી અભ્યાસ કરવાનો હોવાથી સૌપ્રથમ શ્રીમદ્ ભગવદ્ ગીતા પર આધારીત 'ગીતામૃતમ્' પુસ્તકનો સંશોધક દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેને આધારે નમૂનાના શ્લોકોમાંથી નિષ્પન્ન થતાં ભગવદ્ ગીતાના યોગ આધારીત તેને અલગ અલગ વર્ગીકૃત કરવામાં આવ્યા. આ રીતે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સમાવિષ્ટ ભગવદ્ ગીતાના યોગ શ્લોકોને આધારે શૈક્ષણિક ફલિતાર્થ દર્શાવવામાં આવ્યો હતો. માહિતીનું પૃથક્કરણ કર્યા પછી શ્રીમદ્ ભગવદ્ ગીતામાંથી નમૂનામાં સમાવિષ્ટ શ્લોકોેમાંથી કયા ભગવદ્ ગીતાના યોગ નિષ્પન્ન થાય છે તથા જે તે મૂલ્યોમાં કેટલા શ્લોકો સમાવીષ્ટ છે તે દર્શાવી રજૂ કરી અને તેને આધારે તારણો તારવવામાં આવ્યા હતા.

## ૯. અભ્યાસનાં તારણો

શ્રીમદ્ભગવતગીતા એટલે ભગવાન શ્રીકૃષ્ણનું શિષ્યત્વ સ્વીકારેલ અર્જુન પરના અપ્રતિમ પ્રેમને લીધે શ્રીકૃષ્ણએ વહાવેલી અમૃતવર્ષા. ગીતા, વેદ અને ઉપનિષદનો નિચોડ છે. તેથી જ કહેવાય છે કે,सर्वोपनिषदो गावो.....સહજ પ્રશ્ન થાય કે રણમેદાનમાં ભાગી પડેલા અર્જુનને ઊભો કરવા ભગવાને ગીતા કહી. તો ગીતામાં આત્મા, પરમાત્મા, પ્રત્યગાત્મા, કર્મ, વિકર્મ, સંન્યાસ, ભક્તિ, ધર્મ, વિપરીત ધર્મ, ત્રિગુણ, સ્થિતપ્રજ્ઞ વગેેરેની ચર્ચા શા માટે ? અર્જુન ડરી જઈને યુદ્ધમાંથી ચલિત થયો નથી કે નથી તેને મૃત્યુનો કોઈ ભય. તેને ડર છે તો માત્ર તે વાતનો કે તેના હાથે તેના પોતાના જ સ્વજનો હણાશે. તેનાથી અધર્મ થશે, સ્ત્રીઓ વિધવા થશે તથા બાળકો અનાથ થશે. સ્વજનો કે ગુરુજનોને મારીને હું કેવી રીતે સુખી થઈશ ? એટલે કે વિપરીત ધર્મ તેના મગજમાં ઘુસ્યો. રણાંગણમાં અયોગ્ય જગ્યાએ અર્જુન મોહાંધ થયો. રણાંગણમાં લડવાની ના પાડવાનું કારણ ધર્મમાં છુપાયેલું છે. તેની બુદ્દિમાં વિપરીત સમજણ ઉભી થઈ. તેથી તેને યુદ્ધમાં કેમ લડવું તે સમજવું જેટલું જરૂરી હતું તેટલું જ જરૂરી તે પણ હતું કે કોણ પોતાનું ને કોણ પારકું ? મારો સ્વધર્મ શું ? લડવું કે ન લડવું ? યુદ્ધ મેદાનમાં અર્જુનના હાથે જે કોઈ હણાશે તેના પાપનો ભાગીદાર અર્જુન થશે નહી તે સમજાવતાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે, निमित्त मात्र भव सव्य साचिन । સંવાદ કોનો કોનો ? શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ, અર્જુન, સંજય અને ખલ પુરુષ ધૃતરાષ્ટ્રનો સંવાદ છે. ગીતાની શરૂઆત ધૃતરાષ્ટ્રની ચિંતાથી અને પૂર્ણાહૂતિ અર્જુનની પૃષ્ટિથી થઈ છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેના સંવાદનો કેટલોક ભાગ ગદ્યમાં અને કેટલોક ભાગ પદ્યમાં હતો પરંતુ વ્યાસજીએ તેનું સંકલન અને સંપાદન કરી તેને યોગ્ય પદ્ય સ્વરૂપ આપ્યું છે. ગીતામાં ખલ પુરુષ ધૃતરાષ્ટ્રની ચિંતા છે. તો અર્જુન જેવા ભક્તનું સમાધાન છે. ભગવાનનો ભક્ત પરનો નિતાંત પ્રેમ અને સંજયની દિવ્ય દૃષ્ટિના દર્શન થાય છે.

**સારણી ૧ શ્રીમદ્ ભગવદગીતાના ૧૮ અધ્યાયો પ્રમાણે શ્લોકની સંખ્યા દર્શાવતી સારણી**

| અધ્યાય નંબર | અધ્યાયનું નામ | શ્લોકની સંખ્યા |
|---|---|---|
| ૧ | અર્જુન વિષાદ યોગ | ૪૭ |
| ૨ | સાંખ્ય યોગ | ૭૨ |
| ૩ | કર્મ યોગ | ૪૩ |
| ૪ | જ્ઞાન કર્મ સંન્યાસ યોગ | ૪૨ |
| ૫ | કર્મ સંન્યાસ યોગ | ૨૯ |

| | | |
|---|---|---|
| ૬ | આત્મ સંમય યોગ | ૪૭ |
| ૭ | જ્ઞાન વિજ્ઞાન યોગ | ૩૦ |
| ૮ | અક્ષર બ્રહ્મ યોગ | ૨૮ |
| ૯ | રાજ વિદ્યારાજગૃહ્ય યોગ | ૩૪ |
| ૧૦ | વિભૂતિયોગ | ૪૨ |
| ૧૧ | વિશ્વરૂપ દર્શન યોગ | ૫૫ |
| ૧૨ | ભક્તિ યોગ | ૨૦ |
| ૧૩ | ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ વિભાગ યોગ | ૩૪ |
| ૧૪ | ગુણત્રય વિભાગ યોગ | ૨૭ |
| ૧૫ | પુરુષોત્તમ યોગ | ૨૦ |
| ૧૬ | દૈવાસુર સંપદ વિભાગ યોગ | ૨૪ |
| ૧૭ | ગુણત્રય વિભાગ યોગ | ૨૮ |
| ૧૮ | મોક્ષ સંન્યાસ યોગ | ૭૮ |
| **કુલ** | **૭૦૦** | |

### *૯.૧ ગીતાનો ઉત્પત્તિ કાળ, સ્થળ અને કારણો*

અર્જુન કુરુક્ષેત્રના મેદાનમાં કૌરવ અને પાંડવ પક્ષ સામ સામે ઉભા છે ત્યારે અધર્મના પક્ષે રહેલા કૌરવ સેનામાં લડવા માટે તત્પર એવા ગુરુદ્રોણ, પિતામહ ભીષ્મ તથા ભાઈ-ભાંડુઓ અને સગાઓને જુએ છે. ભૂતકાળમાં ગુરુદ્રોણ તથા પિતામહ ભીષ્મએ કરેલો પ્રેમ તેને યાદ આવે છે. અર્જુનનું મન કંપીત થઈ જાય છે. સ્વજનોને મારીને સ્વર્ગનું સુખ મળે તો પણ અર્જુન તે ભોગવવા તૈયાર નથી. માટે જ તે કહે છે કે, न कांक्ष्ये विजयं कृष्ण न च राज्य सुखानी च । મારે કશુંજ જોઈતું નથી તો હું લડુ જ શા માટે ! શા માટે આ લોકોનો હું મારું. તેમને મારીને આટલા બધા લોકોના મૃત્યુનું પાપ અર્જુન પોતાના શીરે લેવા તૈયાર નથી. અર્જુન લડવાની ના પાડે છે માત્ર તેટલું જ નથી પરંતુ તે ભગવાનનું શિષ્યત્વ સ્વીકારતાં કહે છે કે, शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् । તેથી જ અર્જુન માટે જે યોગ્ય હતું તે બધું જ જ્ઞાન ગીતા રૂપી ગાગરમાં ભરીને અર્જુનને આપ્યું છે. અર્જુન યુદ્ધમાં ભાગી પડ્યો તેના મુખ્યત્વે બે કારણ છે (૧) સંજય વિષ્ટી (૨) વિરાટ રાજાને ત્યાં ગુપ્ત વેશમાં સ્ત્રીના રૂપમાં રહેવું.

૧.સંજય વિષ્ટી : યુદ્ધ પહેલાં ખલ પુરુષ એવા ધૃતરાષ્ટ્રે મધઝરતી વાણીમાં ધાર્મિક સંદેશો પાંડવોને સંજય દ્વારા મોકલાવ્યો હતો. જેમાં પોતાના પુત્રો (કૌરવો)ને દુર્બુદ્ધ ગણાવી પાંડવો જેવા ધાર્મિક અને સતપુરુષોએ જમીનના ટુકડા માટે ન લડવું જોઈએ તેવો ચાલાકી અને ધૃષ્ટતાથી ભરેલો સંદેશ પાંડવ પક્ષને આપ્યો હતો.

૨.વિરાટ રાજાને ત્યાં ગુપ્ત વાસ દરમ્યાન અર્જુન બૃહન્નલા (સ્ત્રી વેશ) ધારણ કરીને રહે છે. યુદ્ધમાં અર્જુનની વિરવૃત્તિને આ પરિણામે કારુણ્ય અને દયાનો ક્ષય લાગે છે. વળી અતિ સંયમી એવા અર્જુનને ઉર્વશીનો શાપ ને લીધે અર્જુનમાં સ્ત્રૈણ ગુણ નિર્માણ થાય છે.

### *૯.૨ ગીતાની જરૂરીયાત શા માટે ?*

કુરુક્ષેત્રના મેદાનમાં જ મહાભારતનું યુદ્ધ લડાયુ તેવું નથી. પરંતુ ક્ષેત્ર - (શરીર) એમ બીજા અર્થમાં વિચારીએ તો મારા જીવન સંગ્રામમાં પણ કેટલાય આંતરીક અને બાહ્ય શત્રુઓની સામે મારે યુદ્ધ તો કરવાનું જ છે. મારા સ્વધર્મનું પાલન કરતી વખતે પણ યુદ્ધમાંથી ચલાયમાન થયા સિવાય સંઘર્ષનો સામનો તો મારે પણ કરવાનો છે. 'પાર્થ' એટલે કે - પૃથા પુત્ર ઈતિ પાર્થ. એટલે કે દરેક મનુષ્યને ગીતાની જરૂર છે. માત્ર અર્જુનને જ નહી પણ આ દુનિયા પરના અરજણભાઈને પણ ગીતાની તેટલી જ જરૂરીયાત છે.

જેમ એક જ રોગ થયો હોય તેવા બંને દર્દીને ડોક્ટરનું એક જ પ્રિસ્ક્રિપ્સન (દવાનું કાગળ) લાગુ પડે છે તેમ ભગવાને અર્જુનને આપેલી આ સાતસો ટેબલેટ પ્રત્યેક મનુષ્યને પણ તેટલી જ ઉપયોગી પુરવાર થાય છે. કોઈ મોઘી ઈલેક્ટ્રીક વસ્તુની ખરીદી કર્યા બાદ કંપની તેનું મેન્યુઅલ ગ્રાહકને આપે છે જેથી આ મોઘી વસ્તુનો દુરુપયોગ ન થતાં તેનો સદ્ઉપયોગ થાય અને તે વધુ સમય ટકે તેમ આ મહામુલુ માનવ જીવન પણ વ્યર્થ બાબતોમાં વેડફવા માટે નથી. એટલે જ ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને નિમિત્ત બનાવી ગીતાનું મહામુલુ જ્ઞાન પ્રત્યેક માનવને આપ્યું. આમ, મનુષ્યે જીવન કેમ જીવવું તેની સંપૂર્ણ મેન્યુઅલ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા. સ્વામી વિવેકાનંદ, લોકમાન્ય તિલક, વિનોભા ભાવે, ઈમર્સન વગેરે જેવા કેટલાય તત્વચિંતકોએ ગીતા ઉપાડી તેથી તેમના જીવન ખિલ્યા. આથી મારા જીવનને ખિલવવા માટે પણ ગીતાની તેટલી જ જરૂરીયાત છે. ગીતા એક વૈશ્વિક ગ્રંથ છે. **Gita is not only the Bible of Hinduism it is the Bible of humanity.'**

ગીતા ત્રિકાલા બાધિત છે. સાશ્વત છે, સનાતન છે, પાંચ હજાર વર્ષથી પણ વધુ સમય પહેલાં કહેલા સત્ય સિદ્ધાંતો અને ઉપદેશ આજે પણ તેટલા જ લાગુ પડે છે. પરંતુ વર્તમાનમાં માણસ પાકો અને વ્યવહારુ બની ગયો છે. સ્વાર્થી અને ભોગી બની ગયો છે. જેનો સ્પષ્ટ પડઘો 'વ્યવહારવાદ'માં દેખાય છે. આદર્શવાદને કેવળ કાલ્પનિક બાબત સમજવાવાળો, અનુકૂળ બાબતોને યોગ્ય સમજવાવાળો સ્વાર્થી હિતોને પોષે તેનેજ મૂલ્ય સમજવાવાળો આજનો આ સમાજ પોતાના અસ્તિત્વને મીટાવીને પણ ધર્મની રક્ષા માટે તત્પર રહેવાના ભગવાનના ઉપદેશને કયાંથી પચાવી શકે ! અનુસાર 'વૈશ્વિક ધર્મની હાલની પરિસ્થિતિમાં તાતી જરૂરીયાત છે.' અને તે જરૂરીયાત પુરી કરવાની તાકાત માત્રને માત્ર ગીતામાં જ છે. કારણ ગીતા એ કોઈ ખાસ સમુદાયના, પ્રદેશના, વર્ણના કે ભાષાના લોકો માટે છે જ નહી, ગીતા એ તો માનવ માત્રને માટે છે.

ગીતામાં પ્રત્યેક શંકાનું સમાધાન છે. નાસ્તિકતાની ટોચ સમાન સંશયોનું પણ સમાધાન ગીતામાં મળે છે. સ્ત્રીને, વૃદ્ધને, કર્મયોગીને, સંન્યાસીને, ભક્તને, વિદ્યાર્થીને, ગુરુને, કવિને, વેપારીને, ખેડૂતને, બ્રાહ્મણને, કારીગરને એમ પ્રત્યેક વર્ગને ગીતાના ઉપદેશની તેટલી જ જરૂરીયાત છે. ગીતા જીવનમાં યશનો અને ધર્મનો માર્ગ બતાવે છે. જેમ માના ધાવણથી ખરા અર્થમાં પૃષ્ટી થાય તેમ સમગ્ર સૃષ્ટિના સર્જનહાર દ્વારા જેનું નિર્માણ થયું છે તથા વિશ્વના શ્રેષ્ઠ સંપાદક દ્વારા જેનું સંકલન થયું છે એવી શ્રીમદ્ ભગવદ ગીતા જ સમગ્ર વિશ્વના કોઈપણ પ્રશ્નનું સમાધાન આપે છે. પછી તે પ્રશ્નો ભ્રષ્ટાચાર, વૈશ્વિકીકરણ, ગરીબી, સમાન તક, હક્ક અને ફરજ કે વસુધૈવ કુટુંબકમ્‌ની બાબતના જ કેમ ન હોય !

**યોગ**

યોગ એ વૈજ્ઞાનિક જેવી છે. સમાધિમાં યોગનુ અનુભવ એ સહજ, સ્વયંભુ અને સહેલુ હોય છે. યોગ એ મુક્ત આત્મા અને જ્ઞાન પ્રાપ્તિ માં સ્થિર હોય છે. યોગ વ્યકિત ફક્ત સારા અને ઉમદા વ્યકિતઓમાં ભગવાન ની હાજરી નિહાળતા નથી પરંતુ રક્ત દુષ્ટ અને અજ્ઞાનીમાં પણ ભગવાનને જુએ છે.

સ્થિર ડહાપણની સ્થિતી એ જ ગુણાતીત સ્થિતી છે જે તાર્કિકતા અને અવગણતી નથી કે જીવનના નીશા મૂલ્યોનું નાશ કરતી નથી. પરંતુ તેમેન તેમની પૂર્તિ કરે છે. જેમકે તારુણ્યતા બચપણને અવગણતુ નથી પરંતુ પૂર્ણ કરે છે. યોગ જીવન મુક્ત તરીકે પણ ઓળખાય છે. (જે મોક્ષની પ્રાપ્તિ કરી છે.) અથવા તે વ્યકિત કે સાચી રીતે જીવનથી મુક્ત છે, છતાં પણ સત્યની અનુભૂતિ જે બીજા સાથે વ્યકિતગત છે જેણે બીજા સાથે વ્યક્ત કરી શકાતી નથી, પણ આ અનુભૂતિ સ્થિતપ્રજ્ઞ વ્યકિતના કાર્ય, ટેવ, કે વ્યકિતત્વ પરથી જાણી શકાય છે. "જેમકે વૃક્ષ, તેનાં પાંદડાઓ, ફળ કે ફૂલોથી ઓળખાય છે." ભગવદ ગીતામાં સ્થિત પ્રજ્ઞ વ્યકિતનાં લક્ષણો વર્ણવેલા છે.

## ૧૦. ઉપસંહાર

પ્રસ્તુત સંશોધનમાં શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સમાવિષ્ટ શ્લોકોમાંથી નિષ્પન્ન થતાં પ્રસ્તુત સંશોધન શૈક્ષણિક પ્રણાલી સાથે જોડાયેલા વ્યક્તિઓની યોગની મૂલ્ય વિશેની સભાનતા (જાગૃતતા) કરાવવા પ્રયત્ન કર્યો છે. શિક્ષણ જગતમાં આ પ્રકારનો પ્રયત્ન ઓછા પ્રમાણમાં જોવા મળે છે. માધ્યમિક શાળાના બાળકો તરુણાવસ્થામાંથી પસાર થતા હોવાથી યોગ દ્વારા તેમની કાર્યક્ષમતા તથા વિકાસની કક્ષામાં વધારો થઈ શકશે. પ્રસ્તુત સંશોધન શિક્ષકોને અને વિદ્યાર્થીઓના મૂલ્યલક્ષી અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી નિવડશે તેવી પ્રયોજકની શ્રદ્ધા છે.

## સંદર્ભ સૂચિ


1. Asthur, (1980). Betranel Tests Measurement and Evaluation california: A Dev Apprpach Admission Westory Company.
2. Lindguist, B.F. (1956). Educational Measurement. Washington American Council of Education.
3. Richard, Rynyor P. and Ander (1989). Fundamental of Behavioral Statistic (6th Edition) Auckland: Ncoraw hil Company.
4. Good, C.V, Dictionary of Education. New York : Mc Grow Hill Book Co.
5. અમીન, જી. કે. શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ ગીતા. અમદાવાદ : સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય.
6. ભટ્ટાચાર્ય, એચ.એમ (૧૯૫૭). તત્વજ્ઞાનના સિદ્ધાંતો. કલકત્તા : યુનિ. પ્રકાશન
7. જોષી, હરિપ્રસાદ, (૧૯૯૮). મૂલ્યશિક્ષણ. સૌરાષ્ટ્ર યુનિ.અને એસાઈન યુ.જી.સી. ગ્રાન્ટ.
8. ઠક્કર, એમ. આર. ધર્મ તત્ત્વ ચિંતન. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
9. દવે, સી. બી., (૧૯૮૪) અને અન્ય. મનોવિજ્ઞાનની સંશોધન પદ્ધતિઓ. પૃ.૪૮.
10. દેસાઈ હરિભાઈ. જી (૧૯૭૦). સંશોધન અહેવાલ. રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
11. આચાર્ય, મોહિની ડી. (૨૦૦૮) શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. અમદાવાદ : અક્ષર પબ્લિકેશન્સ.
12. દેસાઈ, પાઠક અને અન્યો, (૧૯૭૩). શૈક્ષણિક આયોજન પ્રવિધિ અને મૂલ્યાંકનની નવી ધરી. મુંબઈ : એ.આર. શેઠની કુ.
13. દેસાઈ, કે. જી. અને જે. એમ. શાહ, (૧૯૮૪). શૈક્ષણિક પરિભાષા અને વિભાવના. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
14. શાહ, દીપિકા બી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
15. પાઠક, ઉપેન્દ્ર, (૧૯૮૯).મૂલ્યલક્ષી શિક્ષણ. આણંદ : ચરોત્તર સાહિત્ય પરિષદ.
16. ભગવતસિંહજી, (૧૯૮૬). ભગવદ્ગોમંડલ. પુનઃમુદ્રણ, ભાગ-૫, રાજકોટ : પ્રવિણ પ્રકાશન.
17. મહંત, વિષ્ણુ (૨૦૧૪). શ્રીમદ્ ભગવદ્ ગીતા. આણંદ : એમ. એમ. સાહિત્ય પ્રકાશન.
18. ભાવે, વિનોબા (૨૦૦૮). ગીતા પ્રવચનો. વર્ધા : ગ્રામ સેવા મંડળ પ્રકાશન સમિતિ
19. દેસાઈ, કે.જી. (૨૦૦૧). "મનોવૈજ્ઞાનિક પરિભાષા અને વિભાવના" યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ- ગુજરાત રાજ્ય અમદાવાદ.
20. ભગવતસિંહજી (૨૦૦૭). ભગવદ્ગોમંડલ, રાજકોટ : પ્રવિણ પ્રકાશન